INTUC FNTO UNI

# NATIONAL UNION OF BSNL WORKERS (FNTO)

(Registration No.4897)
(Registered under Trade Union Act 1926)
**Gujarat Circle, Ahmedabad.**

**A. V. Falia**
Circle President
(M) 942620889

**M. K. Raval**
Circle Secretary
(M) 9427209898

## શું તમે એમ ઈચ્છો કે,

**તમારુ ભાવી બીએસએનએલમાં હંમેશને માટે સુરક્ષિત રહે ?**

## શું તમે એમ ઈચ્છો કે,

**આપની સર્વીસ અને તંદુરસ્તી હંમેશને માટે સલામત રહે ?**

## શું તમે એમ ઈચ્છો કે,

**તમોને સમયસર પદોન્નતીનો લાભ અને બોનસ સમયસર મળતા રહે ?**

## આટલું તો અવશ્ય વાંચો અને મિત્રોને વંચાવો...

**તમારું ભવિષ્ય તમારા જ હાથમાં છે**
**તો તમે તેની સમયસર કાળજી લેવાની**
**દરકાર કરો તો...**

**આપના સોનેરી ભવિષ્ય માટે**
**એક મિનીટ માટે**
**ભૂતકાળમાં ડોકીયું અવશ્ય કરો..**

## અને જાણો કે..

**ઓક્ટોબર 2000ની હડતાલના સમયે FNTOની નેતાગીરી અને કુનેહના કારણે જ આપણને આર્થિક સદ્ધરતા, સરકારી પેન્શન અને નોકરીની સલામતી પ્રાપ્ત કરી શક્યા હતા. એ કહેવાની ભાગ્યેજ જરૂર છે કે તેને જાળવી રાખવામાં માન્ય સંગઠનો નિષ્ફળ ગયાં છે.**

**FNTO** એ કર્મચારીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે અત્યાર સુધીમાં બનતા પ્રયત્નો કરી તેનો ફાળો આપવાની પુરેપુરી કોશીષ કરી છે પરંતુ માન્ય સંગઠનોના નકારાત્મક અભિગમને પરીણામે તેમાં માત્ર નિરાશા જ મળી છે.

**BSNL**ના કર્મચારીઓને થઈ રહેલ અન્યાય અને નુકશાનને વેક્યુમબ્રેક લગાવવાના દ્રઢ ઈરાદાને લઈ આ સમયનું મેમ્બરશીપ વેરીફીકેશન **FNTO**ના નામે જ લડવાનો મક્કમ નિરધાર કરેલ છે અને જે માટે આપ સર્વનો હાર્દિક સહકાર અત્યંત જરૂરી છે.

# તો આટલું અવશ્ય વાંચો અને વંચાવો

વ્હાલા સાથી મિત્રો,

આપ સહુ એ વાતથી વાકેફ છો કે આપણું પાંચમું મેમ્બરશીપ વેરીફીકેશન તારીખ 01-02-2011ના રોજ યોજાઈ રહેલ છે. ઉપર જણાવ્યા પ્રમાણે ભૂતકાળના અનુભવોને કેન્દ્રમાં રાખી **FNTO** એ આ સમયે પોતાના બેનર પર ચુંટણી લડવાનો મક્કમ નિર્ણય કરેલ છે. **FNTO** એ હકીકતથી પુરેપુરૂ માહીતગાર છે કે આ કાર્ય સરળ નથી છતાં **BSNL**ના કર્મચારીની તેમની અંતરની લાગણીઓને ધ્યાનમાં લેતા કઠણ પણ નથી.

આપ સહુ એ વાતથી માહીતગાર છો કે માન્ય યુનીયનનું સ્થાન મેળવ્યા બાદ, **BSNLEU** સત્તાના નશામાં પુરેપૂરૂ ઉતરી ગયેલ છે અને કર્મચારીઓને હંમેશને માટે પોતાની જાગીર તરીકે માની રહ્યું છે. પરીણામે તે આપણા સર્કલમાં સામાન્ય કર્મચારીને ન્યાય અપાવવામાં સરીયામ નિષ્ફળ નિવડેલ છે એ કહેવાની હવે ભાગ્યેજ જરૂર છે.

**BSNLEU** ગુજરાતમાં ત્રણ ભાગમાં વહેચાઈ ગયેલ છે. એટલું જ નહીં પણ અરસ પરસની લડાઈમાં એટલું બધું વ્યસ્ત છે કે તેમના સભ્યોને પણ એકબીજાની વફાદારીને ધ્યાનમાં રાખી બદલીઓનો દોર ચાલુ રાખેલ છે જેમાં સામાન્ય કર્મચારીની સ્થિતિ બહુજ નાજુક અને દયનીય બની રહેલ છે. **BSNLEU** જ્યારે તેનાજ સભ્યોની વફાદારીની ધ્યાનમાં રાખી બદલીઓનો દોર ચલાવી રહેલ છે અને તેના જ અંદરના સભ્યોને હેરાનગતી કરવામાં પાછી પાની કરતું નથી ત્યારે બાકીના સંગઠનોના સભ્યોએ ન્યાયની આશા અસ્થાને છે. એક વર્ષના સમયમાં ત્રણ ત્રણ રાજ્ય સચીવોની નિમણુંક એ વાતનો સ્પષ્ટ નિર્દેશક કરે છે કે સંગઠન તેની પડતીના આરે છે અને આપનો સહકાર આજના સંજોગોમાં અમુલ્ય અને જરૂરી છે. આપ સર્વે કદાપી પણ એવું નહી ઈચ્છે કે સત્તાની સાઠમારી અને અન્યાય પુર્વકની બદલીઓનો દોર અને અવિરતપણે ચાલતો રહે ? શું મહિલા કર્મચારીઓની બદલીઓ પણ થતી રહે ?

મિત્રો, એ કહેવાની ભાગ્યેજ જરૂર છે કે **BSNLEU**ના કાર્યકર્તાઓ અને સભ્યો મોહભંગ થઈ ગયા છે અને તેઓએ તેમના નેતાગણનો અસલી ચહેરો ઓળખી ચુક્યા છે અને બીજી વ્યવસ્થાની અંતરથી રાહ જોઈ રહ્યા છે અને સમયની રાહ જોઈ રહ્યા છે ત્યારે આપની પણ એ ફરજ બને છે કે તમો પણ **FNTO**ની સાથે આપી વિજયી બનવામાં આપણો ફાળો અર્પીત કરો.

શું આપ એ હકીકતથી માહેર નથી કે **BSNLEU** યુનીયનની નિષ્ફળતાને લઈને આપણે કંપનીની આર્થિક સદ્ધરતા ગુમાવી બેઠા છીએ ? **હવે એવી પરિસ્થિતીનું નિર્માણ થઈ રહેલ છે કે પગાર કરવા માટે પણ લોન લેવી પડે અને કદાચ એવા દિવસો દૂર નહી હોય કે પગાર ક્યારે થશે તેની કાગડોળે રાહ જોવી પડે. શું તમોને આ મંજુર છે ?**

હાલની નવી પ્રમોશન પોલીસી કે જેનાથી કંઈપણ અને કોઈપણને લાભ થયેલ નથી અને હજારો રૂપીયાની રીકવરીના હુકમો થઈ રહ્યા છે જે શું દર્શાવે છે ? ચાર પાનાના બઢતીના હુકમના અમલીકરણ માટે સોળ સોળ પાનાની સ્પષ્ટતાઓ શું બતાવે છે ?

છેલ્લા દસ વર્ષથી પડતર પડેલ પે અનોમલી એટલે કે વિસંતગતતાનો પ્રશ્ન હજુ સુધી ઉકેલાયે નથી. માત્ર એક સંમતીપ્રત્ર કે જેમાં એક ઈન્ક્રીમેન્ટ આપી પગાર સરખો કરવા માટે થયેલ સંમતી કે જે અયોગ્ય હતી છતાં પણ તેના અમલ માટેના હુકમો કરતી વખતે તે પર્સનલ પે માંથી એલાઉન્સમાં પરિવર્તિત થઈ ગયેલ છે, જે શું દર્શાવે છે.

ત્રીસ વર્ષના ઈતિહાસમાં ખામીયુક્ત કરેલ કરારને પરીણામે એક્ષગ્રસીયા બોનસથી પણ આ વર્ષે કર્મચારીઓ વંચીત રહ્યા છે તેના માટે કોણ જવાબદાર છે ?

78.2 ટકાનો લાભ જ્યારે કેન્દ્ર સરકારના દરેક પીએસયુને કેન્દ્ર સરકારના આદેશ મુજબ અચુક આપવાનો છે તેવા હુકમહોવા છતાં તેના અમલીકરણ માટે શા માટે શરમજનક પીછેહઠ કરવામાં આવી રહી છે ?

આજ દિવસ સુધી **TTA** અને **PM**ની પરીક્ષાઓ જ્યારે સ્ક્રીનીંગ ટેસ્ટથી લેવાતી હતી તેમાં માન્ય યુનીયને નકારાત્મક અભિગમ અપનાવી કર્મચારીઓને ભરપાઈ ન થાય તેવું નુકશાન કરે છે તે કહેવાની જરૂર છે ખરી ? **TTA** અને **PM**ની કેડરો માટે ઉંચા કેળવણીના માપદંડ કરવાની કેમ જરૂર પડી ? જૂના **TTA** ને **OTBP/BCR** સ્કેલ આપવા માટે સહમતી સધાઈ હોવા છતાં તેનો અમલ ન થવા દેવા મોટ કોણ જવાબદાર છે ?

અત્યારના સંજોગોમાં **NFTE** કે જે **BSNLEU**નો વિકલ્પ ગણાતું હતું તેનું પણ સત્તાની સાઠમારી માટે ચૂંટણી સમયે થયેલ વિભાજન આપ સર્વેને **FNTO**ને એક માત્ર વિકલ્પ તરીકે પ્રસ્થાપિત કરે છે.

**BSNLEU**ની રાષ્ટ્રીય નેતાગીરી સામે પણ યોજાતા દેખાવો શું સાબીત કરે છે ? એ કહેવાની ભાગ્યે જ જરૂર છે એ તેમાંનો એક વર્ગ છુપી રીતે **FNTO**ની નેતાગીરીને સાથ આપવાનું મંતવ્ય ધરાવે છે.

આ બધા પરથી એ ફલીત થાય છે કે **BSNL**ની સ્થાપના પછી જે સત્તાધારી યુનીયને માત્ર તેની જ આર્થિક સ્થિતિ મજબુત કરવામાં ધ્યાન આપેલ છે અને કર્મચારીગણને ભરપાઈ ન થાય તેવું નુકશાન કરેલ છે.

આમ જ્યારે ચારે દિશાઓમાં માત્ર અંધકાર દ્રષ્ટિમાન થાય છે ત્યારે તેમાં એક માત્ર **FNTO** એ એક સંગઠન છે કે જે **BSNL** અને તેમના કર્મચારીઓના ભવિષ્યને મૃતપ્રાય થતા બચાવી શકે.

આ સંજોગોમાં દરેક કર્મચારી મિત્રને નમ્ર વિનંતી કે,

આપનો કિંમતી અને પવિત્ર મત **NATIONAL UNION BSNL WORKERS (FNTO)** જેમનું નીશાન તથા સીરીયલ નંબર : **14** છે તેમને આપી/અપાવી જંગી મતોથી વિજયી બનાવી સર્વનું ભાવિ ઉજ્જવળ બનાવવા માટે અપીલ કરવામાં આવે છે.


**THOMAS JHON K.**
President - CHQ

**A. V. FALIA**
Circle President

**D. D. MISTRY**
A.G.S. - CHQ

**K. VALLINAYAGAM**
General Secretary - CHQ

**M. K. RAVAL**
Circle Secretary

**V.N. RATHOD**
Org. Secretary - CHQ

# DEMANDS

1. Renegotiate and revise NEPP scheme to get benefit at par with executive.
2. Settle anamolies of 1st and 2nd wage revision properly.
3. Extend CCS leave rules 1972 to BSNL workers as amended from time to time.
4. Scrap point system and restore original guidelines for compassionate ground appointments .
5. Revise the pay scales of telecom mechanic, Sr.TOA (EDP scale), OTBP BCR scales of TTA, driver and cable splicers.
6. Review transfer policy and scrap rotational transfers.
7. Advance the date of effect of allowances (2nd wage verification) to 27/2/09.
8. Revise the rate of left out allowances such as transport allowance, cycle allowance, washing allowance, rural area allowance etc.
9. Fix uniform date of increment as in the case of Central Government/ PSUs.
10. Regularize all qualifying / officiating JTOs.
11. Relax eligibility conditions for JTO promotion in respect of TTA and Sr.TOA.
12. Provide walk-in promotion scheme for engineering graduates to JTO.
13. Implement incentive schemes to motivate the work force so as to make BSNL financially viable and earn profit.
14. Plug leakage of revenue in BSNL.
15. Reintroduce ACE 3 bill procedure to line staff for maintenance work and abolish contract system.
16. Minimize the hiring of vehicles and utilize them purely for maintenance purpose.
17. Bring back supervisory cadres in all streams.
18. Restore promotional avenues to all non-executive staff by amending recruitment rules (RM to TM, TM to TTA; Sr. TOA to JAO and TTA /Sr.TOA to JTO).
19. Ensure 8.33% statutory bonus and device new formula for PLI delinking bonus from profit.
20. Extend E1 and E1A scales to non-executives.
21. Review BSNL MRS scheme for workers and retirees.
22. Provide free mobile connection with handset to all BSNL non-executive workers.
23. Extend concessional rate of broadband services of all plans to workers.
24. Remove imbalances in pay scales for workers appointed before and after 1/1/2007.
25. Increase fitment benefit on promotion from 3% to 5% of basic pay.
26. Employ contract labour directly and not through contractors to avoid exploitation of labor and improve the quality of work.
27. Merge 78.2% IDA with effect from 1-1-2007 for fixation benefit.
28. Effect pension revision for pre 1-1-2007 retirees and settle pension anomalies.
29. Review JAO part II result by giving suitable grace marks.
30. Scrap CDR billing system and restore Dot-soft billing.
31. Solve the specific problems of telecom factory staff such as disparity in duty hours, holidays, leave etc. Utilize the full capacity of telecom factories for production, manufacturing etc.
32. Complete the restructuring of civil wing maintenance cadres.
33. Evolve new recognition rules for BSNL duly recognizing more than one union, with due representation in negotiating councils, minimum trade union facilities etc.

# VOTE & CANVAS FOR

| SR.NO. | NAME | SYMBOL |
|---|---|---|
| **14** | **NATIONAL UNION BSNL WORKERS (FNTO)** |  |